રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ ડિઝલની કિંમતમાં વધારો

નવીદિલ્હી,તા.૧૨

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલાં સામાન્ય લોકોને આગામી દિવસોમાં ડીઝલ માટે પણ વધુ કિંમત ચૂકવવી પડશે. સરકારે ૧૯ જુલાઈનાં દિવસે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ ડીઝલની કિંમતમાં વધારો કરવા માટે કમર કસી લીધી છે. મહેસૂલી ખાધને કાબુમાં લેવા માટે આગામી દિવસોમાં શ્રેણીબદ્ધ પગલાં જાહેર કરવામાં આવનાર છે. પેટ્રોલિયમ મંત્રાલયમાં ટોચનાં અધિકારીઓએ માહિતી આપતાં કહ્યું છે કે, ડીઝલની કિંમતમાં ભાવ વધારો નિશ્ચિત દેખાઈ રહ્યો છે પરંતુ તારીખ અને સમય અંગે કોઈ વાત કરવી મુશ્કેલ છે. ડીઝલની કિંમતો ગયા વર્ષે ૨૫ જુન બાદથી વધારવામાં આવી નથી. સરકારી ઑઈલ કંપનીઓ લિટરદીઠ ૧૦.૩૩નાં નુકસાન સાથે ડીઝલનું વેચાણ કરી રહી છે. ડીઝલની કિંમતોમાં વધારો થતાં જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની અન્ય કિંમતમાં વધારો કરવામાં આવે તેમ માનવામાં આવે છે. જોકે ડીઝલની કિંમતમાં ભાવ વધારાને રોકવા માટે સાથી પક્ષો યુપીએ પર દબાણ લાવી શકે છે. ૧૯ જુલાઈ બાદ ડીઝલની કિંમતમાં વધારો કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતાં યુપીએનાં પ્રધાનો હાલ વાત કરવાનાં મૂડમાં નથી. ઉચ્ચ સ્તરની પ્રધાન સ્તરની પેનલે જુન ૨૦૧૦માં ડીઝલની કિંમતોને

અંકુશમુક્ત કરવા સૈદ્ધાંતિક રીતે નિર્ણય કર્યો હતો. સરકાર દ્વારા ડીઝલની કિંમત હાલ નક્કી કરવામાં આવે છે. ડીઝલની કિંમતો અંગે નિર્ણય લેવા સત્તા ધરાવનાર એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર (ઈજીઓએમ)ની બેઠક ૨૫ જુન ૨૦૧૧ બાદથી મળી નથી. આ પેનલનું નેતૃત્વ નાણામંત્રી તરીકે હાલમાં જ રાજીનામું આપી ચૂકેલા પ્રણવ મુખર્જી કરી રહ્યા હતાં પરંતુ પ્રણવ મુખર્જીએ ૧૯ જુલાઈનાં દિવસે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાનાં હેતુસર નાણામંત્રી તરીકે હાલમાં જ રાજીનામું આપ્યું હતું. ઈજીઓએમની ફેર રચના કરવામાં આવી નથી. ટૂંક સમયમાં જ તેની ફેરરચનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે પરંતુ પ્રણવ મુખર્જીનાં રાજીનામા બાદ આનું નેતૃત્વ કોણ કરશે તેને લઈ દુવિધાભરી સ્થિતિ છે. પેનલમાં તૃણમૂલ કોંગ્રેસ અને ડીએમકે જેવાં યુપીએનાં સાથી પક્ષોને પ્રતિનિધિત્વ મળે તેવી શક્યતા છે. પેટ્રોલની કિંમત ગયા મહિને બે વખત ઘટાડવામાં આવી હતી. ૨૪મેનાં રોજ પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ ૭.૫૪નો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પેટ્રોલની કિંમતમાં ૩ જુનનાં દિવસે ૨.૦૨નો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૨૯ જુનનાં દિવસે પેટ્રોલની કિંમતમાં ફરી લિટર દીઠ ૨.૪૬નો ઘટાડો કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં હાલ પેટ્રોલની કિંમત લિટર દીઠ ૬૭.૭૮ છે જ્યારે ડીઝલની કિંમત લિટર દીઠ ૪૧.૨૯ રૂપિયા છે. સરકારે જુન ૨૦૧૦માં પેટ્રોલની કિંમતમાં તેને અંકુશમાંથી મુક્ત કરી હતી પરંતુ હજુપણ વિધિવત્ રીતે મંજુરી સરકારને પેટ્રોલિયમ કંપનીઓને મેળવવી પડી છે. પેટ્રોલ અને ડીઝલ કિંમતોમાં ઉથલપાથલનો દોર જારી રહ્યો છે.

ટુજી તપાસ : ઈડી દ્વારા પ્રથમ વખત રાજાની પુછપરછ થઈ

નવી દિલ્હી, તા. ૧૨

ટુજી સ્પેક્ટ્રમ કેસમાં તેની મની લોન્ડરીંગ તપાસના સંબંધમાં ભુતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ.રાજાની આજે ઈડી દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. પ્રથમ વખત ઈડી દ્વારા રાજાની લાંબી પૂછપરછ થતાં સીબીઆઈ બાદ ઈડીએ પણ હવે સકંજો મજબૂત કરવાની તૈયારી કરી લીધી હતી. પૂછપરછ દરમિયાન ઈડીના અધિકારીઓએ સ્પેક્ટ્રમ ફાળવણી સાથે સંબંધિત જુદા જુદા મુદ્દાઓ પર રાજાની પૂછપરછ કરી હતી. તેમના મંત્રાલય હેઠળ સ્પેક્ટ્રમની ફાળવણી કરવામાં આવી હતી. તેમના અંગત ફાયનાન્સ અંગે પણ પ્રશ્નો કરવા આવ્યા હતા. સુત્રોના જણાવ્યા મુજબ રાજાએ તેમના મંત્રાલયના સાથિઓ અને ટેલિકોમ લાયસન્સને મંજુર કરતીવેળા તેમની ભુમિકા અંગે

પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ઈડીના અધિકારીઓએ નાણાકીય દસ્તાવેજો પહેલાથી જ મેળવી લીધા છે. પૂછપરછ માટે રાજાની સાથે દસ્તાવેજો લાવવા માટે કહેવામાં આવ્યું હતું. ભુતપૂર્વ ડીએમકેના પ્રધાનને પૂછપરછ માટે ફરીવાર બોલવવામાં આવે તેવી સંભાવના પણ દેખાઈ રહી છે. કેટલીક ચોક્કસ કંપનીઓને સ્પેક્ટ્રમની મંજુરીવેળા લેવામાં આવેલા નિર્ણયના સંબંધમાં પણ ફરી બોલાવવામાં આવી શકે છે. રાજાને આ વર્ષે મે મહિનામાં જામીન મળી ગયા હતા. આજ કેસમાં ગયા વર્ષે સીબીઆઈ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે રાજાના કારણે તિજોરીને અભુતપુર્વ નુકશાન થયું હતું. હોબાળો થયા બાદ રાજાને કેબિનેટમાંથી રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. ત્યારબાદ ઘણાં સમય સુધી જેલમાં પણ રહેવાની ફરજ પડી હતી. હાલમાં જ તેમને જામીન મળ્યા હતા.

'રૂસ્તમે હિન્દ' દારાસિંહનું લાંબી માંદગી બાદ નિધન

મુંબઈ, તા. ૧૨

રૂસ્તમે હિંદ તરીકે જાણિતા અને રિંગમાં ક્યારે પણ કોઈ કુસ્તી નહીં હારેલા સદા બહાર અભિનેતા રહી ચુકેલા દારાસિંહનું આજે સવારે મુંબઈમાં અવસાન થયું હતું. મુંબઈમાં તેમના નિવાસસ્થાને પરિવાર અને મિત્રોની હાજરીમાં તેમનું અવસાન થયું હતું. બપોરના ગાળામાં ભાવનાશીલ માહોલમાં મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં દારાસિંહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સમાચાર મળતાની સાથે જ મનોજ કુમાર, અભિષેક બચ્ચન, તબ્બુ, રાજપાલ યાદવ, અનુ મલિક દારાસિંહના આવાસ ઉપર પહોંચી ગયા હતા. રૂસ્તમે હિંદ દારાસિંહ તેમના પત્ની અને છ બાળકોને છોડીને ગયા છે. જેમાં ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓનો સમાવેશ થાય છે.

દારાસિંહના અવસાનના સમાચારની જાહેરાત તેમના પુત્ર અને અભિનેતા વિન્દુ દ્વાર કરવામાં આવી હતી. દારાસિંહના અંગત તબીબ ડોકટર અગ્રવાલે કહ્યું છે કે હોસ્પિટલમાંથી ગઈકાલે તેમને ઘરે લાવવામાં આવ્યા હતા. જો કે અગ્રવાલે કહ્યું હતું કે વેન્ટિલેટર અને અન્ય સપોર્ટ સિસ્ટમ તેમના અવસાન બાદ જ દુર કરવામાં આવી હતી. મહાબલી તરીકે પણ દારાસિંહને ચાહકો ઓળખતા હતા. કુસ્તી રિંગમાં તેઓ કોઈપણ વિવાદ વગર ચેમ્પિયન હતા. ૧૯૬૮માં તેઓ વર્લ્ડ ચેમ્પિયન પણ બન્યા હતા. દારાસિંહના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ સમગ્ર બોલિવુડમાં આઘાતનું મોજુ ફરી વળ્યુ હતું. દારાસિંહ ૮૪ વર્ષના હતા. દારાસિંહને થોડાક દિવસ પહેલા જ હાર્ટ અટેક થયા બાદ તેમના હાલત સતત વણસી ગઈ હતી. ત્યારબાદથી સ્થાનિક કોકિલાબેન હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. દારાસિંહની

તબિયતમાં કોઈ સુધારો થઈ રહ્યો ન હતો. તબિયત વધુ ખરાબ થતા અને સુધારાની કોઈ અપેક્ષા ન દેખાતા તબીબોએ ઘરે લઈ જવા માટે સલાહ આપી હતી. તબીબોની સલાહના આધાર ઉપર પરિવારના સભ્યો દારાસિંહને ઘરે પરત લઈને આવ્યા હતા. દારાસિંહના પુત્ર અને અભિનેતા વિન્દુએ કહ્યું હતું કે બિમારીના કારણે તેમના દિમાગ ઉપર માઠી અસર થઈ હતી. અમે ઈચ્છતા હતા કે દારાસિંહ છેલ્લા ક્ષણ પોતાના પરિવારની સાથે રહે. દારાસિંહના અવસાનની સાથે જ આઘાતનું મોજુ ફરી વળ્યુ હતું. અભિનેતા અનુપમ ખેરે એક ટેલિવિઝન ચેનલ ઉપર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે દારાસિંહ એ હસ્તી હતી જેને લેઈને લોકો એમ કહેતા હતા કે પોતાને દારાસિંહ સમજે છે? અનુપમનું કહેવુ છે કે દારાસિંહ ખૂબ જ સરળ સ્વભાવના હતા. અન્ય ટેલિવિઝનો અને ફિલ્મોમાં પણ દારાસિંહે ઉલ્લેખનીય ભુમિકા ભજવી હતી. કોમન વેલ્થ ગેમના ચેમ્પિયન દારાસિંહે ફિલ્મોમાં પણ ભુમિકા ઉલ્લેખનીય ભજવી હતી. થોડાક દિવસ પહેલા જ ઈમ્તિયાઝ અલીની ફિલ્મ જબ વી મેટમાં દારાસિંહે કરિના કપૂરના દાદાની ભુમિકા ભજવી હતી. લોકપ્રિય ટેલિવિઝન સિરિયલ રામાયણમાં હનુમાનની ભુમિકા દારાસિંહે ભજવી હતી. જેને કરોડો લોકો ક્યારે પણ ભુલી શકશે નહીં.

ઈન્ફોસિસ ૩૫૦૦૦ લોકોની ભરતી કરશે

નવીદિલ્હી,તા.૧૨

સોફ્ટવેર સર્વિસની મહાકાય કંપની ઈન્ફોસિસે આજે ભારપૂર્વક કહ્યું હતું કે, તે આ નાણાંકીય વર્ષમાં ૩૫૦૦૦ કર્મચારીઓની ભરતી કરવાનાં તેનાં ટાર્ગેટને વળગી રહેશે પરંતુ પગાર વધારો ઝીંકવાનો હજુ કોઈપણ હેતુ નથી. ઈન્ફોસિસ પગાર વધારો કર્યા સિવાય કર્મચારીઓની મોટાપાયે ભરતી કરશે. બીપીઓ ઑપરેશન માટે ૧૩૦૦૦ જોબ ઉપરાંત ભરતી પ્રક્રિયા યથાવત્ રીતે આગળ વધારવામાં આવશે. અનિશ્ચિત વૈશ્વિક સ્થિતિ છતાં ભરતી પ્રક્રિયાને આગળ વધારવામાં આવશે. જોકે પગાર વધારાને હાલ અમલી બનાવવામાં આવશે. ઈન્ફોસિસનાં મુખ્ય ફાયનાન્શિયલ ઓફિસર વી. બાલાકૃષ્ણને આજે પ્રથમ ત્રિમાસિક પરિણામ જાહેર કર્યા બાદ જણાવ્યું હતું કે, અમે ૩૫૦૦૦ કર્મચારીઓની ભરતી કરવા જઈ

રહ્યાં છીએ. તેમણે એમપણ કહ્યું હતું કે, ગયા વર્ષે પણ આ સ્થિતિ જાળવી રાખવામાં આવી હતી. આ નવી ભરતીમાં બીપીઓ ઑપરેશન માટે ૧૩૦૦૦ લોકોનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, કંપની પગાર વધારો કરવાની યોજના ધરાવતી નથી. તેનાં નજીકનાં હરીફ ટીસીએસ પણ નાણાંકીય વર્ષ ૨૦૧૩માં ૫૦૦૦૦ લોકોની યોજના ધરાવે છે. બાલાકૃષ્ણને કહ્યું હતું કે, ૧ જુન ૨૦૧૨થી અમલી બને તે રીતે ઈન્ફોસિસે ૨૦૦૦૦ લોકોને બઢતી આપી છે. આ આંકડો કંપનીનાં કુલ સંખ્યાબળ ૧૫૧૧૫૧નાં આંકડામાં ૧૩ ટકાથી વધુ છે. ઈન્ફોસિસનાં સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર એસ.બી.સિબ્લુલે કહ્યું છે કે, અમે બઢતી અને અન્ય પ્રગતિનાં રિપોર્ટ તૈયાર કરી લીધાં છે. ૨૦૦૦૦ લોકોને પ્રમોશન આપવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૦૮-૦૯નાં આંકડા પર નજર કરવામાં આવે તો વર્ષનાં મધ્યમાં પગાર વધારો કરવા વિચારી રહ્યા છે. અમે સામાન્ય રીતે ગણતરી મુજબ પગાર વધારો કરીશું. ઈન્ફોસિસે કહ્યું છે કે, છેલ્લાં ત્રિમાસિક ગાળામાં કોઈપણ વધારો કરાયો નથી. પર્ફોમન્સનાં આધારે નિર્ણયની સમીક્ષા કરવામાં આવશે. જોકે અપેક્ષા કરતાં ઓછી કમાણી અને આગાહી સાથે ડૉલરની દૃષ્ટિએ આ વખતે સુધારો થઈ શકે છે.

ઓલિમ્પિકમાં હાજરીની મંજુરી આપવા માંગણી

નવી દિલ્હી, તા.૧૨

દેશભરમાં ચકચાર જગાવનાર કોમનવેલ્થ કૌભાંડ કેસના આરોપી અને કોમનવેલ્થ ગેમ્સ આયોજન સમિતીના ચેરમેનપદેથી હકાલપટ્ટી કરાયેલ સુરેશ કલમાડીએ આગામી મહિને લંડનમાં યોજાનાર ઓલમ્પીક ગેમ્સમાં હાજર રહેવા કોર્ટની મંજૂરી માંગી છે. ખાસ સીબીઆઈ કોર્ટના જજ તલવંતસિંઘ સમક્ષ કરેલી અરજીમાં કલમાડીએ રજૂઆત કરી હતી કે, તે ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ એથલેટીકસ ફેડરેશન (આઈએએએફ)ની પરિષદના સભ્ય છે. તેથી ૨૬મી જુલાઈથી ૧૩ ઓગસ્ટ વચ્ચે યુકેમાં રમાનાર ઓલમ્પીકમાં હાજરી આપવા મંજૂરી આપો.

કર્ણાટકનાં મુખ્યપ્રધાન તરીકે જગદીશ સેત્તારે શપથ લીધાં

બેંગ્લોર,તા.૧૨

કર્ણાટકમાં દુષ્કાળનાં વાદળો ઘેરાયેલાં છે ત્યારે કર્ણાટકનાં મુખ્યમંત્રી તરીકે આજે જગદીશ સેત્તારે આજે શપથ લીધા હતાં. રૂઢિવાદી ગણાતા જગદીશ સેત્તારે આજે રાજભવનમાં ટૂંકા કાર્યક્રમમાં આજે શપથ લીધાં હતાં. છેલ્લાં ચાર વર્ષમાં ત્રીજા મુખ્યમંત્રી કર્ણાટકમાં જોવા મળ્યાં છે. સેત્તારે બે નાયબ મુખ્યમંત્રી કે.એસ.ઈશ્વરપ્પા અને આર.અશોકા સહિત ૩૩ કેબિનેટ સભ્યો સાથે શપથ લીધા હતાં. સેત્તારની ભારે રાજકીય અવ્યવસ્થા જોવામાં આવ્યા બાદ ડી.વી.સદાનંદ ગૌડાની જગ્યાએ મુખ્યમંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. તેમનાં પૂર્વગામી બી.એસ.યેદિયુરપ્પાનાં નેતૃત્વમાં અસંતોષનું મોજુ ફેલાયા બાદ ગૌડાને રાજીનામું આપી દેવાની ફરજ પડી

હતી. કર્ણાટકમાં મે ૨૦૧૩માં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે તે પહેલાં કર્ણાટકમાં ભાજપ પોતાની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનાં હેતુથી તમામ વિવાદોને વહેલી તકે ઉકેલવા માંગે છે, આજ કારણોસર યેદિયુરપ્પાની બિનજરૂરી માંગણી પણ ભાજપ હાઈકમાન્ડે સ્વીકારી લઈને હાલ પૂરતો વિવાદનો ઉકેલ લાવી દીધો છે. જગદીશ સેત્તારને આરએસએસનાં શક્તિશાળી કાર્યકર તરીકે ગણવામાં આવે છે. રાજ્યપાલ એચ.આર. ભારદ્વાજે સેત્તાર અને અન્યોને હોદ્દા અને ગુપ્તતાનાં શપથ લેવડાવ્યા હતાં. શપથવિધિ કાર્યક્રમમાં ભાજપનાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. ૫૭ વર્ષીય સેત્તાર કર્ણાટકનાં ૨૧મા મુખ્યમંત્રી બન્યાં છે.

લંડન ખાતે તા. ૨૭મી જુલાઈ ૨૦૧૨થી ઓલમ્પિક-૨૦૧૨નો પ્રારંભ થવાનો છે. આ ઓલમ્પિકમાં ભારત દેશ તરફથી બોક્સીંગની સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ દિલ્હી ખાતે યોજાયેલ પત્રકાર પરિષદને સંબોધતા ઉપરોક્ત તસવીરમાં દૃશ્યમાન થાય છે.

હરિયાણા દેશનું પ્રથમ હુક્કાબાર મુક્ત રાજ્ય

ચંદીગઢ, તા. ૧૨

હરિયાણા દેશના પ્રથમ હુક્કાબાર મુક્ત રાજ્ય બની ગયું છે. સત્તાવાર રીતે આની આજે જાહેરાત કરવામાં આવી હતી. હરિયાણાના કમીશનર ફોર ફૂડ એન્ડ ડ્રગ્સ એડમીનીસ્ટ્રેશન રાકેશ ગુપ્તાએ માહિતી આપતા કહ્યું છે કે હરિયાણામાં તમામ ૬૬ હુક્કાબારને સરકારે બંધ કરાવી દીધા છે. તેમનો ઉમેર્યું હતું કે હુક્કાબાર ઉપર છેલ્લા એક વર્ષમાં દરોડાઓ પાડીને ૧૦૦ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સેમ્પલ પૈકી ૯૦ સેમ્પલમાં નિકોટીન પોઝીટીવના લક્ષણો મળી આવ્યા હતા. ગુપ્તાએ કહ્યું હતું કે ૨૨ હુક્કાબારના માલિકો સામે કેસ દાખલ કરવામાં આવી ચૂક્યા છે.

મોટાભાગના હુક્કાબાર ગુડગાંવ, નવી દિલ્હી, પંચકુલા, પાટનગર ચંદીગઢમાં હતા. આ હુક્કાબારમાં મોટાભાગે યુવા પેઢીના લોકો વધારે જોવા મળી રહ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે હુક્કાબાર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ ઘણી ગેરકાયદે પ્રવૃત્તિ પણ આના લીધે અટકી જશે. હુક્કાબારને લઈને વારંવાર દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. નમૂના લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તબીબી રીતે ચકાસણી કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું કે ૧૦૦ નમૂના પૈકી મોટાભાગના નમૂનાઓમાં નિકોટીન નામના ખતરનાક તત્વોની હાજરી છે.

૨૮ વર્ષ અગાઉ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે થયેલ ગેસ દુર્ઘટનામાં મરણ પામેલ અને ઈજાગ્રસ્તના પરિવારજનો દિલ્હી ખાતેના જંતરમંતર ખાતે વિરોધ પ્રદર્શિત કરતાં નજરે ચઢે છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ પ્રધાનમંડળમાં મોટાપાયે ફેરફાર થવાની શક્યતા

નવીદિલ્હી,તા.૧૨

વડાપ્રધાન મનમોહનસિંહ ૧૯ જુલાઈનાં દિવસે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ પ્રધાનમંડળમાં મોટાપાયે ફેરફાર કરે તેવી શક્યતા છે. અહેવાલમાં આજે દાવો કરાયો હતો કે, કેબિનેટમાં ફેરફાર નિશ્ચિત છે. કોંગ્રેસનાં પીઢ નેતા પ્રણવ મુખર્જીએ કેન્દ્રીય નાણાં પ્રધાન તરીકે હાલમાં જ રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિની ચૂંટણી લડનાર હોવાથી પ્રણવ મુખર્જી નાણાંમંત્રી તરીકે રાજીનામું આપી દીધું છે. બીજીબાજુ વીરભદ્રસિંહને ભ્રષ્ટાચારનાં આક્ષેપો રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. કેન્દ્રીય કેબિનેટમાં વિસ્તરણની સાથે સાથે ફેરફાર પણ કરવામાં આવી શકે છે.

વડાપ્રધાન પ્રણવનાં રાજીનામા આપ્યા બાદ નાણાંખાતુ ધરાવે છે પરંતુ એમ માનવામાં આવે છે કે, સિંહ કોઈ વરિષ્ઠ પ્રધાનને નાણાં ખાતુ સોંપી દેશે. ચિંદબરમ હાલમાં અર્થતંત્રનાં પાસાઓ અંગે નિવેદન કરી રહ્યા છે જેથી એમ માનવામાં આવે છે કે નાણાં ખાતુ ફરી

ચિંદબરમને આપવામાં આવશે. ૨૬/૧૧ મુંબઈ હુમલા બાદ ગૃહખાતુ ચિંદબરમને આપવામાં આવ્યું હતું. મનમોહનસિંહ તેમનાં મંત્રાલયમાં કેટલાંક યુવા સાંસદોને સામેલ કરી શકે છે પરંતુ રાહુલ ગાંધી હાલમાં કોઈ જવાબદારી લેવા તૈયાર દેખાઈ રહ્યા નથી.

લોકસભાનાં નેતાનો હોદ્દો ખાલી પડેલ છે. ચિંદબરમ, ઉર્જાપ્રધાન સુશીલકુમાર શિંદે, શહેરી વિકાસ પ્રધાન કમલનાથ, પેટ્રોલિયમ પ્રધાન એસ.જયપાલ રેડ્ડીનાં નામ ચર્ચામાં છે. મનમોહનસિંહ સુરક્ષા, આર્થિક બાબતો, રાજકીય બાબતો અંગે ચાવીરૂપ કેબિનેટ કમિટીમાં મુખર્જીનાં અનુગામીની નિમણૂંક પણ કરશે. સંસદીય બાબતોની કેબિનેટ કમિટીની ફરી રચના કરવામાં આવે તેવી શક્યતા છે. મનમોહનસિંહ પ્રધાનમંડળમાં યુવા નેતાઓને સામેલ કરી શકે છે. વિદેશમંત્રી એસ.એમ.કૃષ્ણાએ હાલમાં જ સૂચન કર્યું હતું કે, રાહુલ ગાંધીને પ્રધાન સ્તરની જવાબદારી સોંપવી જોઈએ પરંતુ રાહુલ તૈયાર દેખાઈ રહ્યા નથી. મેક્સિકો અને બ્રાઝિલની મુલાકાતથી પરત ફર્યા બાદ મનમોહનસિંહે સંકેત આપ્યો હતો કે, કેબિનેટમાં ફેરફારની તૈયારી છે.

સેઝમાં નવા પ્રાણ ફુંકવા ટૂંકમાં નવા નિયમો જારી

નવીદિલ્હી,તા.૧૨

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી આનંદ શર્માએ આજે માહિતી આપતાં જણાવ્યું હતું કે, સરકાર ટૂંક સમયમાં જ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (સેઝ)માં નવા પ્રાણ ફુંકવા નવા ધારા-ધોરણો જાહેર કરશે. સરકારી અધિકારીઓએ આજે માહિતી આપતાં કહ્યું હતું કે, ચોક્કસ કરવેરા લાગુ કરવામાં આવ્યા બાદ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં તેજી જતી રહી છે. કેટલાંક કરવેરાની રાહત પરત લેવામાં આવી હતી પરંતુ હવે સેઝમાં નવા પ્રાણ ફુંકવા પ્રયાસ કરવામાં આવનાર છે. વાણિજ્ય અને નાણાં સચિવો આ ઝોન સાથે સંબંધિત તમામ પાસા પર ચર્ચા કરી રહ્યાં છે. મૂડી રોકાણને આકર્ષિત કરવા બનતાં તમામ પગલાં લેવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, ભારતે સેઝને લઈ કેટલીક નવી તૈયારીઓ કરી લીધી છે. વર્ષ ૨૦૧૧માં સેઝ ઉપર સરકારે મિનીમમ અલ્ટરનેટીવ ટેક્સ (મેટ) અને ડિવિડન્ડ ડિસ્ટીબ્યુશન ટેક્સ (ડીડીટી) લાગુ કર્યા હતાં જેમાંથી અગાઉ મુક્તિ આપવામાં આવ હતી. અગાઉ પ્રધાને કહ્યું હતું કે, આ પ્રકારનાં કરવેરા લાગુ કરવામાં આવ્યા બાદ સેઝમાંથી નિકાસમાં ઘટાડો થયો હતો. ડાયરેક્ટ ટેક્સ કોડ (ડીટીસી) ઉપર હાલ વિચારણા ચાલ રહી છે. વર્ષ ૨૦૦૬માં લૉન્ચ કરવામાં આવેલી સેઝની યોજનાઓનો પ્રારંભિક તબક્કો ઉત્સાહજનક રહ્યો હતો.